# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૬૯ તા.૨૦-૩-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તા.૨૧ માર્ચ-૨૦૧૭ના રોજ 'આંતરરાષ્ટ્રીય વન દિવસ'ની ઉજવણી કરવા બાબત

સંદર્ભ :- ક્રમાંક/પ્રાશિનિ/સંકલન/વનદિવસ/૨૦૧૭/૧૪૧૫-૬૮ તા.૧૭-૩-૧૭ના પત્ર અન્વયે

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવામાં આવે છે કે, સંયુક્ત રાષ્ટ્રસંઘ(UNO) દ્વારા ૨૧ માર્ચનો દિવસ 'આંતરરાષ્ટ્રીય વન દિવસ' તરીકે ઘોષિત કરવામાં આવેલ છે. તેના ભાગરૂપે રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા રાજ્યભરમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વનોનું રક્ષણ તથા સંવર્ધન પ્રત્યે લોકોમાં જાગૃતતા તથા સક્રિયતા વધે તે હેતુથી આ દિવસે વિવિધ કાર્યક્રમો તથા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

વન અને પર્યાવરણ વિભાગ દ્વારા 'આંતરરાષ્ટ્રીય વન દિવસ'ની ઉજવણીના ભાગરૂપે માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તા.૨૧ માર્ચ-૨૦૧૭ મંગળવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૦-૩૦ કલાક સુધી બાયસેગ દ્વારા તમામ સેટકોમ કેન્દ્રો પર ઉદ્‌બોધન કરવામાં આવનાર છે. જેની વ્યવસ્થાના ભાગરૂપે આપની શાળામાં શિક્ષકો તથા વિદ્યાર્થીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ પ્રકૃતિ અને વૃક્ષપ્રેમીઓ , સહભાગી વનવ્યવસ્થા સમિતિના હોદ્દેદારો આ કાર્યક્રમ નિહાળે તે માટે જરૂરી સૂચના તથા વ્યવસ્થા આપની કક્ષાએથી કરશો.આ સાથે સંદર્ભિત પત્ર સામેલ છે.

તા.૨૦-૩-૧૭

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

તા. ૨૧ માર્ચ ૨૦૧૭ ના રોજ "આંતરરાષ્ટ્રીય વન દિવસ" ની ઉજવણી કરવા બાબત.

ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/વનદિવસ/૨૦૧૭/૯૪૨૫-૯૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા.૧૭/03/૨૦૧૭

વંચાણે લીધાઃ- શિક્ષણ વિભાગના ક્રમાંકઃપરચ/૧૨૨૦૧૭/૧૭૪/વ.૨ તા.૦૮/03/૨૦૧૭

પરિપત્રઃ-

સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UNO) દ્વારા ૨૧ માર્ચનો દિવસ "આંતરરાષ્ટ્રીય વન દિવસ" તરીકે ઘોષિત કરવામાં આવેલ છે. તેના ભાગરૂપે રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા રાજ્યભરમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વનોનુ રક્ષણ તથા સંવર્ધન પ્રત્યે લોકોમાં જાગૃતતા અને સક્રિયતા વધે તે હેતુથી આ દિવસે વિવિધ કાર્યક્રમો તથા પ્રવૃત્તિઓનુ આયોજન કરવામાં આવે છે.

"આંતરરાષ્ટ્રીય વન દિવસ"ની ઉજવણી નિમિત્તે UNO દ્વારા "વનો અને ઉર્જા" ની થીમ રાખવામાં આવેલ છે. વન અને પર્યાવરણ વિભાગ દ્વારા આ દિવસની ઉજવણી માટે વિશેષ પ્રચાર-પ્રસારના કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવેલ છે.

"આંતરરાષ્ટ્રીય વન દિવસ"ની ઉજવણીના ભાગરૂપે માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તા.૨૧ માર્ચ ૨૦૧૭, મંગળવારના રોજ સવારે ૯.00 થી ૧૦.30 કલાક સુધી બાયસેગ દ્વારા તમામ સેટકોમ કેન્દ્રો બાયસેગથી ઉદબોધન કરવામાં આવનાર છે. આ ઉદબોધન સાંભળવા માટે જિલ્લા/તાલુકા તથા ગ્રામ્યકક્ષાના લોકો, સરપંચશ્રીઓ, પદાધિકારીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, પ્રકૃતિ અને વૃક્ષ પ્રેમીઓ, બીન સરકારી સંગઠનોના સભ્યો, સહભાગી વન વ્યવસ્થા સમિતિઓના હોદ્દેદારો તથા સભાસદો અને અન્ય આગેવાનો હાજર રહી સેટકોમ ટેલીકાસ્ટને સાંભળે અને આપના જિલ્લા હસ્તકની દરેક શાળાઓ/સંસ્થાઓના આચાર્યો, શિક્ષકો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમ નિહાળે તે માટેની જરૂરી વ્યવસ્થા આપની કક્ષાએથી કરવાની રહેશે.

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ

નકલ સવિનય રવાનાઃ-

- શ્રી બી. પી. ચૌહાણ, નાયબ સચિવશ્રી, વ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર